રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પિત કરતા રાજ્યપાલશ્રી

તા. ૨/૧૦/૨૦૧૮, રાજભવન, ગાંધીનગર.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે આજે રાજભવનના પ્રાંગણમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાને ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ પુષ્પાંજલિ અર્પી હતી.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આપણે જ્યારે ગાંધીજીની ૧૫૦ જન્મ જયંતી મહોત્સવની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે ગાંધીજીના સ્વપ્નોને સાકાર કરવા આપણે સૌ સંકલ્પબદ્ધ બનીએ અને તેમને પ્રિય એવા સમાજ શ્રેયના રચનાત્મક કાર્યો ને આગળ ધપાવવામાં પોતાનું મૂલ્યવાન યોગદાન આપીએ. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીએ ગાંધીજીના રચનાત્મક અને સામાજિક ઉત્થાનના કાર્યક્રમો કાર્યરત બનાવ્યા છે અને સ્વચ્છતા અભિયાન રહિત લોકજાગૃતિના અનેક કાર્યક્રમોને તેમણે અગ્રતા આપી છે.

આ પ્રસંગે યોજાયેલ ભાવાંજલિ કાર્યક્રમમાં વિવિધ ધર્મના વડાઓએ ભાગ લીધો હતો તથા કલાવૃંદ દ્વારા મહાત્મા ગાંધીજીના પ્રિય ભજનો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. રાજ્યપાલશ્રીએ ધાર્મિક વડાઓ અને કલાકારવૃંદનું સન્માન કર્યું હતું.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ શ્રી અરૂણ બુચ અને અન્ય પદાધિકારીઓ તથા શહેરના અગ્રણીજનો, રાજભવનના અધિકારીઓ, કર્મચારીઓ અને પરિવારજનો ભાવાંજલિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

-----------------------